EDI

The Economic Times (Guj.)

January 21, 2016
Page No. 2

# ઈડીઆઈએ ઉદ્યોગ સાહસિકો માટે સ્ટાર્ટ અપ ફંડ સ્થાપ્યું

ઇટી બ્યુરો
અમદાવાદ




ઉદ્યોગ સાહસિકો માટેની અમદાવાદ સ્થિત સંસ્થા ઓંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટયુટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ)એ તેના પોસ્ટ ગ્રેજયુએટ વિદ્યાર્થીઓ માટે સ્ટાર્ટ અપ ફંડ સ્થાપ્યું છે. સંસ્થાએ ઉદ્યોગસાહસિકોને ફંડ આપવાની શરૂઆત પણ કરી દીધી છે. આ પહેલને કારણે સ્ટાર્ટ અપ કલ્ચરને વેગ મળશે તેવું સંસ્થાનું માનવું છે.

ઈડીઆઈઆઈના જણાવ્યા અનુસાર આ ફંડ તેમના પોસ્ટ ગ્રેજયુએટ વિદ્યાર્થીઓને મળતી સ્કોલરશિપ ઉપરાંત તેમના સ્ટાર્ટઅપને ચરિતાર્થ કરવા ફાળવામાં આવશે. ઈડીઆઈના નિષ્ણાંતોની પેનલ, બેન્કર, ઈડીઆઈ ફેકલ્ટી તમામ પ્રકારનું મુલ્યાંકન કર્યા બાદ પોસ્ટ ગ્રેજયુએટ વિદ્યાર્થીઓ એટલે કે ઉદ્યોગ સાહસિકો માટે સ્ટાર્ટ અપ માટે ફંડ સ્થાપશે. 'ઈડીઆઈના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ ઈન બિઝનેસ ઓંત્રપ્રિન્યોરશીપ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ ડેવલપમેન્ટ સ્ટડીઝના વિદ્યાર્થીઓને આ ફન્ડિંગ મળશે.

ઈડીઆઈઆઈએ સ્ટાર્ટ અપ શરૂ કરનાર ઉત્કર્ષ ગુલાટીને ફંડ આપીને આ પહેલનો પ્રારંભ કર્યો છે. ઉત્કર્ષે 'વ્હીલ ફુડ ટ્રક' નામનું ઓન વ્હીલ રેસ્ટોરાંના વિચારને અમલમાં મુકતું સ્ટાર્ટઅપ સ્થાપ્યું છે, જેણે તેનું પ્રથમ આઉટલેટ ગુડગાંવમાં શરૂ કર્યુ છે. આ કંપની વેન્ચર ફંડ પાસેથી ફંડ મેળવીને તેના બિઝનેસને વિસ્તરણ કરવા જઈ રહી છે. પુણે, દિલ્હી, બેંગલોર અને અમદાવાદમાં ઓન વ્હીલ આઉટલેટ સ્થાપવાનું આયોજન છે.

ઈડીઆઈઆઈ જેમને પોતાનો બિઝનેસ સ્થાપવો છે, તેમને ખાસ તાલિમ આપે છે. પોતાનો બિઝનેસ કરવા કે પેઢી દર પેઢી બિઝનેસ કરનારાઓની નવી પેઢી ઈડીઆઈમાં ઉદ્યોગ સાહસિકતાના પાઠ ભણે છે. ઈડીઆઈઆઈના પ્રોફેસર સત્ય આચાર્યએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી બે વિદ્યાર્થીઓને સ્ટાર્ટ અપ ફંડ ફાળવવામાં આવ્યું છે અને આગામી દિવસોમાં સ્ટાર્ટ અપ ફંડિંગના બીજા રાઉન્ડમાં ૨૦ જેટલા આઈડિયાને ફંડ ફાળવશે."

ઈડીઆઈના પ્રોફેસર ડો. મનોજ મિશ્રાએ આ અંગે જણાવ્યું હતું કે, "હાલમાં ૧૦ વિદ્યાર્થીઓના સ્ટાર્ટ અપ અંતિમ તબક્કા સુધી પહોંચી ગયા છે જેમાંથી ત્રણ વિદ્યાર્થીઓ ફર્સ્ટ યરના જ્યારે સાત સેકન્ડ યરના છે. આ યુવા ઉદ્યોગસાહસિકોને ફંડિગ આપવા કેટલાંક ઈન્વેસ્ટર્સને પણ સાથે લેવામાં આવ્યા છે."

ઈડીઆઈઆઈ પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ ( બિઝનેસ ઓંત્રપ્રિન્યોરશીપ) અને પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ(ડેવલપમેન્ટ સ્ટડીઝ) એમ બે કોર્સ દ્વારા દેશભરના વિદ્યાર્થીઓ-ઉદ્યોગસાહસિકોને સજ્જ કરે છે અને તેમને મેનેજમેન્ટ અનુભવનો નિચોડ આપે છે. તાજેતરમાં ભારત સરકારે પણ ખાસ રાહતો જારી કરી છે, તેવા સંજોગોમાં ઈડીઆઈના પોસ્ટ ગ્રેજયુએટ અભ્યાસ કરતાં ઉદ્યોગ સાહસિકો માટે બેવડી તક છે.